# રાજયની કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

**(કૃષિ યુનિવર્સિટીઓ આણંદ, જૂનાગઢ, નવસારી, સરદાર કૃષિનગર)**

## જાહેરાત ક્રમાંક : ૨ /૨૦૧૮ (સુધારેલ જાહેરાત)

રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં બિન-શૈક્ષણિક વહિવટી સંવર્ગ (વર્ગ-૩) જુનીયર કલાર્કની જગ્યાઓ ફિકસ પગારથી ભરવા માટે જાહેરાત ક્રમાંક ૨/૨૦૧૮ પ્રસિધ્ધ કરી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ. જે કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન નામ.સરકારશ્રી તરફથી આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે અનામત દાખલ કરવામાં આવતા તા.૧૯/૦૧/૨૦૧૯થી સદરહુ ભરતી અન્વયે ઓનલાઇન અરજી કરવાની પ્રક્રિયા સ્થગિત રાખવામાં આવેલ. હવે નામ.સરકારશ્રી તરફથી (EWS) અન્વયે ઠરાવ બહાર પાડતા સદરહુ જાહેરાતમાં જરૂરી સુધારો કરી નીચે મુજબની વિગતે જગ્યાઓ ભરવાની થાય છે. જે બાબતે રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં નીચે જણાવેલ વર્ગ-૩ સંવર્ગની જૂનિયર કલાર્કની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે મેરીટ યાદી તૈયાર કરવા નીચે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં યુનિવર્સિટીઓની વેબસાઇટ પર ઓન લાઇન અરજી પત્રકો મંગાવવા માટે જાહેરાત આપવામાં આવે છે. આ માટે ઉમેદવારે website: www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પરથી **તા.૦૩/૦૬/૨૦૧૯ થી તા.૦૨/૦૭/૨૦૧૯(સમય ૨૩-૫૯ કલાક સુધી)** દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**જગ્યાનુ નામ અને પગાર ધોરણ:-** જૂનિયર કલાર્ક, માસિક ફિકસ પગાર **રૂા.૧૯,૯૫૦/-**

(પગાર ધોરણ રૂા.૧૯૯૦૦-૬૩૨૦૦)

| ક્રમ | રાજય કૃષિ યુનિવર્સિટીઓ | જગ્યાઓની સંખ્યા | દરેક જાતિ પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | આર્થિક રીતે નબળા વર્ગો | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | આર્થિક રીતે નબળા વર્ગો | માજી સૈનિક | શા. ખો. ખા |
| ૧ | આણંદ | ૬૦ | ૩૧ | ૧૩ | ૦૩ | ૦૭ | ૦૬ | ૧૦ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૬ | ૦૨ |
| ૨ | જૂનાગઢ | ૯૭ | ૪૦ | ૨૬ | ૦૭ | ૧૫ | ૦૯ | ૧૩ | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૩ | ૧૦ | ૦૪ |
| ૩ | નવસારી | ૩૨ | ૧૯ | ૦૭ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ |
| ૪ | સ.કૃ.નગર | ૬૮ | ૩૭ | ૧૬ | ૦૦ | ૦૯ | ૦૬ | ૧૨ | ૦૭ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૭ | ૦૦ |

### ૧. શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા -

| ક્રમ | જગ્યાનુ નામ તથા પગાર ધોરણ | જરૂરી શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | જૂનિયર કલાર્ક કરાર આધારે પાંચ વર્ષ માસિક ફિકસ પગાર રૂા.૧૯,૯૫૦/-પાંચ વર્ષ પૂર્ણ થયેથી નિયમીત પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ (પે મેટ્રીક્ષ ૧૯૯૦૦- ૬૩૨૦૦) | (A) Candidate should have passed H.S.C. (Standard XII) or its equivalent examination **or** three years diploma in agriculture and allied sciences.<br>(B) Should possess the speed in Gujarati typing 25 words per minute and English Typing 40 words per minute.<br>(C) Passed the Examination of CCC of DOEACC or the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૩ વર્ષ |

૧.૧ ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

૧.૨ શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક-દાવો સ્વીકારવામાં આવશે નહી.

૧.૩ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ધરાવતા હોવા જોઇએ.

૧.૪ ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

૧.૫ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના કોમન સ્ટેચ્યુટ નં.એસ-૧૧૬ ના (એપેન્ડીક્ષ-૧.૮ મુજબ) સેવા (બિનશૈક્ષણિક કર્મચારી ભરતી) નિયમ-૨૦૧૧ મુજબ વયમર્યાદા દર્શાવેલ છે. તેમાં નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઠરાવ નં. સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૦૬/૧૦/૨૦૧૫ મુજબ વયમર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.

ઉમેદવારોએ ઉપરોકત શૈક્ષણિક લાયકાત ઉપરાંત નામ. સરકારશ્રીના વખતો-વખતના ઠરાવથી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

**૨. ઓન લાઇન અરજી માટેની ફી :** ( ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.)

| ક્રમ | વિગત | અરજીની ફીની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | બિન-અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર માટે. | ૧૦૦૦+ બેંક ટ્રાન્જેકશન ચાર્જ |
| ૨. | અનામત પુરૂષ/મહિલા ઉમેદવાર માટે.(Ex. Service Man સિવાય) (EWS/ST/SC/SEBC/PH) | ૨૫૦+ બેંક ટ્રાન્જેકશન ચાર્જ |

**૩. અરજી પત્રક ભરવા અંગેની માહિતી.**

ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત અને સૂચનાઓ વાંચી, સમજી અરજી કરવાની રહેશે. ઉમેદવારે સૌપ્રથમ ઉપર મુજબની યુનિવર્સિટીઓની વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી પત્રક ભરીને કન્ફર્મ/ સબમીટ કરવાનું રહેશે. એપ્લીકેશન નંબર(યુઝર નેમ) જનરેટ થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. જેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ભૂલચુક બાબતે સુધારો કરવાની રજુઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ભરવામાં આવેલ ઓનલાઈન અરજી ફોર્મની પ્રિન્ટ નકલ તથા ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તમામ અસલ પ્રમાણપત્રો કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા રૂબરૂમાં ચકાસણી અર્થે બોલાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે, જેની અચુક નોંધ લેવી.

**સામાન્ય સુચનાઓ:-**

૩.૧ ઓનલાઇન અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (કલર ફોટોગ્રાફનુ માપ ૫.૦ સે.મી ઉંચાઇ અને ૩.૬ સેમી પહોળાઇ અને સહીનુ માપ ૨.૫ સેમી લંબાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી) 15kb અને સહી 15kb સાઇઝથી વધારે નહી તે રીતે jpg format માં scan કરી ઓનલાઇન અરજીમાં અવશ્ય અપલોડ કરવાના રહેશે. તેમજ તે જ ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે જરૂરત પડયે મંગાવવામાં આવશે.

૩.૨ ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી/નિમણુંક રદ્દ કરવામાં આવશે. અરજી પત્રકમાં ઓનલાઇન ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ (પ્રોવીઝનલ એડમીશન) દાખલ કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે. પરંતુ પસંદ થયેલ ઉમેદવારોની નિમણૂંક તેમના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધિન રહેશે.

3.3 અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું/આર્થીક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈએ.

**૪ પગાર ધોરણ :**

૪.૧ નામ.સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ તેમજ વખતો-વખતના ઠરાવોની જોગવાઈઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે રૂા.૧૯,૯૫૦/- પ્રતિમાસ ફીકસ પગારથી નિમણુંક અપાશે તેમજ સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના તા.૨૮/૦૩/૧૬ના ઠરાવમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાપાત્ર થશે. તેમજ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ધારા ધોરણો લાગુ પડશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધીન રહેશે.

| | | |
|---|---|---|
| ૪.૨ | ફિક્સ પગારની પાંચ વર્ષની કરાર આધારિત સેવા હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોની પાંચ વર્ષની સેવાઓ/ ફરજો સંતોષકારક હશે તો જ નામદાર સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અસામાન્ય સંજોગોમાં યુનિવર્સિટીઓ ઉપરોકત કરારી સેવા ગમે ત્યારે રદ્દ કરી શકશે અને તે અંગે કોઈ વળતર ચૂકવવાપાત્ર થશે નહિ. તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂંક અધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં સરકારશ્રીના જે તે સમયના ધારાધોરણ મુજબ મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિમણૂંક મેળવવાને પાત્ર થશે. | |
| ૪.૩ | ફિક્સ પગારની યોજના હેઠળ ઉમેદવાર પસંદગી પામશે તો નામ.સરકારશ્રીના વખતો-વખતના CCC (Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરે તે મુજબ CCC ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરવાની રહેશે. | |
| ૪.૪ | ફિક્સ પગારથી લાયક ઉમેદવારની પાંચ (૦૫) વર્ષનાં કરારીત ધોરણે આ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક થયા બાદ આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ સરકારશ્રીના વખતો-વખતના ઠરાવ મુજબ નિયત પરીક્ષાઓ કરારીત સમયગાળામાં પાસ કરવાની રહેશે. | |
| **૫.૦** | **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ. | |
| **૬.૦** | ઉમેદવાર ગુજરાતી અને હિન્દી બંન્ને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. | |

**૭.૦ વયમર્યાદામાં છુટછાટ** :

૧) જૂનિયર કલાર્કની જગ્યા માટે **તા.૨૫/૦૧/૨૦૧૯** ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહીં તેટલી હોવી જોઇએ.

૨) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૨. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૩. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. | સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫. | સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |
| ૮. | માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા (૧)મુજબ. | |

૩) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તે ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામા છુટછાટ મળશે. તેમજ અનામત વર્ગોને બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ **૪૫ વર્ષની** ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

**શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે :**

★ શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારિરીક ખોડખાંપણવાળા લાયક ઉમેદવારો નહી મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

★ શારીરિક ખોડખાંપણની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ધરાવતા હશે, તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. તેમજ ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહિવટી વિભાગના ઠરાવ ક્રમાંક : સઅસ/૧૦૨૦૦૧/૨૧૮/ખ.૧, તા.૧૨/૦૮/૨૦૧૦ મુજબ (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ અને (૨) શ્રવણની ખામીવાળી કેટેગરીમાં જે ઉમેદવારો મોડરેટ કક્ષામાં એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને જ અનામતનો આ લાભ મળવાપાત્ર થશે.

કુલ સચિવ ॥ કૃષિમૂલમ્ જગત સર્વમ્ ॥ જૂ. કૃ. યુ. જુનાગઢ.

★ શારીરિક ખોડખાંપણ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર નં. પરચ/૧૦૨૦૦૮/ ૪૬૯૫૪૦/ગ.૨ તેમજ સરકારશ્રીનાં વખતોવખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે તેમજ અસલ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે અને જો રજુ કરવામાં નહી આવે તો તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને ખોડખાંપણ ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહી અને પસંદગી/ નિમણૂંક રદ્દ કરવામાં આવશે. પ્રમાણપત્ર માટે નિયત કરેલ નમૂનો જાહેરાતનાં અંતે સામેલ છે.

★ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ(૨) તેમજ સરકારશ્રીનાં વખતોવખતના સુધારા પરિપત્રમાં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ બીજા તબકકાની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ એમ દરેક તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવા(મેરેજ સર્ટીફીકેટ, પતિના ડેથ સર્ટીફીકેટ અને પુન: લગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ) યુનિવર્સિટીને અસલમાં ફરજીયાત પણે રજુ કરવાના રહેશે. અન્યથા તેઓની ઉમેદવારી રદ્દ પાત્ર થશે.

★ એથલેટિકસ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઇફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય/આંતર યુનિવર્સિટી/ અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખીત પરિક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮૩૬૪૪/ગ.૨/ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારને જ રમતના ગુણ માટે હકકદાર થશે. રમત અંગેના પ્રમાણપત્ર માટે નિયત કરેલ સત્તાધિકારી તથા ફોર્મ્સનાં નમૂનાઓ જાહેરાતનાં અંતે સામેલ છે.

**નોંધ :**

**૧.** માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉમરમાંથી બાદ કરતા મળતી ઉમર ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહી. માજી સૈનિકો માટે નિયમોનુસાર ૧૦ ટકા જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સબંધિત જે તે કેટેગરી(જનરલ, એસ.સી., એસ.ટી., સા.શૈ.પ, અ.ન.વ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે માજી સૈનિક ઉમેદવાર નહી મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

**૨.** અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના જ ઉમેદવારો માટે છે. અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરે તેવા કિસ્સામાં વયમર્યાદા અને અન્ય લાયકાત વગેરે અંગે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

**૩.** મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા સબંધિત કેટેગરી(જનરલ, એસ.સી., એસ.ટી., એસઇબીસી, આર્થિક રીતે નબળા વર્ગ)ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે (સામાન્ય વહિવટી વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨/ (ભાગ-૧) તથા તા. ૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ.૨/ની જોગવાઇ મુજબ)

૪. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી **રદ્દ** થશે.

**૫.** ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટી (SAU)ના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદામાં સ્ટેચ્યુટ S-116 ના નિયમ ૨૭.૩ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.

**૬. વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાત માટે નિર્ધારીત તારીખ:**

સદરહુ જગ્યા માટે ઉપલી વય મર્યાદા તથા અન્ય ગણતરી માટે મુળ જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી તારીખ ૨૫/૦૧/૨૦૧૯ને ધ્યાને લેવાની રહેશે. જયારે શૈક્ષણિક લાયકાત, નોન-ક્રીમીલેયર સર્ટી. તથા અન્ય જરૂરી લાયકાત માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી તારીખ ૦૨/૦૭/૨૦૧૯ને ધ્યાને લેવાની રહેશે.

૭. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : સશપ-૧૧૦૯-૧૯૬૩-અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) તથા તા. ૨૬.૦૪.૨૦૧૬નાં ઠ.ક્ર. સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮.૦૮.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ ની જોગવાઇ મુજબ તા. ૦૧.૦૪.૨૦૧૬થી અરજી કરવાની છેલ્લી તારીખ દરમિયાન મેળવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ અસલ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્ધારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે (અંગ્રેજીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનુ હોય માન્ય ગણવામાં આવશે નહી). પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્ધારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારોની ઉમેદવારી રદ થશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમા ધરાવતા હોવા જોઇએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમા આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહી.

૮. આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)** ના ઉમેદવારોએ આર્થિક રીતે નબળા વર્ગ માટે જરૂરી પાત્રતાનું પ્રમાણપત્ર સરકારશ્રીના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯ /૪૫૯૦૩/અ, તા.૨૫/૦૧/૨૦૧૯ની સાથે બિડેલ નિયત નમુનાનું પ્રમાણપત્ર(તા.૧૪/૦૧/૨૦૧૯ પછીનું) અંગ્રેજીમાં **Annexure-KH** અથવા ગુજરાતીમાં **પરિશિષ્ટ–ગ** મુજબ રજુ કરવાનું રહેશે. પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્ધારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારોની ઉમેદવારી રદ થશે.

૯. શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં(ઝેરોક્ષ નકલ સહિત) રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબકકેથી **રદ્દ** કરવાપાત્ર થશે.

૧૦. ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના(સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણુંક **રદ્દ** કરી પડતો મુકી શકશે. નિમણુક બાબતે સતાઅધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૧૧. ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૧૨. ઉપરોકત તમામ જગ્યાઓ રાજય સરકારશ્રી/ રાજય કૃષિ યુનિવર્સિટીઓના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવામાં આવશે.

૧૩. લેખિત/ ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની બધી જ સુચનાઓ ઉમેદવારના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર પર SMS થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થયા સુધી નંબર જાળવી રાખવો અનીવાર્ય રીતે જરૂરી છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે ઉમેદવારને SMS થી સૂચના ના મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે, આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણૂંક મેળવવા ઇચ્છતો ન હોવાનું માનવામાં આવશે.

૧૪. આ જાહેરાત ને સંલગ્ન તમામ સૂચનાઓ રાજયની કૃષિ યુનિવર્સિટીઓની website: www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર વખતોવખત પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટી વેબસાઇટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે.

૧૫. આ જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો રાજયની કૃષિ યુનિવર્સિટીઓને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે તેમજ અરજી ફી ની રકમ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી. ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઇપણ નિર્ણય માટે રાજયની કૃષિ યુનિવર્સિટીઓને અબાધિત હકક રહેશે. રાજયની કૃષિ યુનિવર્સિટીઓ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

૧૬. સમગ્ર ભરતી પ્રકિયા પુરી ન થાય ત્યા સુધી આર.ટી.આઇ. એક્ટ હેઠળ કોઇ પણ પ્રકારની માહિતી માગતી કોઇપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

૧૭. અરજી કરવા સમયે ઉમેદવારનો ફોટો, સહિનો નમૂનો તથા તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો ફરજીયાત અપલોડ કરવાનાં રહેશે.

૮ **પસંદગી પ્રક્રીયા :-**

જૂનિયર કલાર્કની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખીત પરીક્ષા તથા ભાગ-૨ ની કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા ) કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનુ રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબના ગુણભાર રહેશે.

**(ક) ભાગ-૧**

**લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ ( OMR) પ્રશ્નપત્ર** (એપેન્ડીક્ષ-F)

**(ગુણ-૨૦૦)( સમય:૧૨૦ મિનીટ)**

| નં. | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ | ૨૫ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૨૫ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૫ |
| ૪ | ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય જ્ઞાન, એપ્ટીટયુડ ક્વોન્ટીટિટીવ | ૫૦ |
| ૫ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી, એપેન્ડીક્ષ-G (see Appendix-F) મુજબ | ૨૫ |
| ૬ | જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન | ૫૦ |
| | **કુલ ગુણ** | **૨૦૦** |

**નોંધ:-**

૧) પરીક્ષા Multiple Choice Question(MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.
૨) દરેક પ્રશ્ન ૦૧ (એક) ગુણનો રહેશે.
૩) ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.(નેગેટીવ માર્કીંગ લાગુ પડશે)
૪) લેખિત પરિક્ષા (ભાગ-૧)માં ૪૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોને મેરીટના ધોરણે જાહેરાતમાં દર્શાવેલ જગ્યા મુજબ જગ્યાના અંદાજે ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા ) કસોટી માટે બોલાવવામાં આવશે.
૫) ઉપર ક(૫)(પાંચ) માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગી પાયાની જાણકારીના સંદર્ભ કોમ્પ્યુટર થીયરી અંગેનો અભ્યાસક્રમ જાહેરાતના અંતે સામાન્ય વહિવટ વિભાગના Notification No. GS/2015/2/BRT/102015/315/K Dated:04/01/2016 સાથે જોડેલ એપેન્ડીક્ષ- G મુજબનો રહેશે.

**(ખ) ભાગ-૨**

**કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા ) કસોટી : ( ગુણ -૧૦૦) (સમય -૯૦ મિનીટ)**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઇપીંગ કસોટી | ૨૦ ગુણ |
| ૨ | અંગ્રેજી ટાઇપીંગ કસોટી | ૨૦ ગુણ |
| ૩ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેક્ટીકલ કસોટી, એપેન્ડીક્ષ- H મુજબ | ૬૦ ગુણ |
| | **કુલ** | **૧૦૦ ગુણ** |

કુલસચિવ જૂ.કૃ.યુ. જૂનાગઢ

*નોંધ :– ઉપર ખ(૩)(ત્રણ) માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેક્ટિકલ કસોટી અંગેનો અભ્યાસ જાહેરાતના અંતે જોડેલ Appendix-H મુજબનો રહેશે.

૧)* કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા )કસોટીમાં ૪૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોનો જ સંયુકત મેરીટ(ભાગ-૧ તથા ભાગ-૨) યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

**ગ) લઘુતમ લાયકી ધોરણ :**

પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહીતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુતમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણના ૪૦ ટકા ગુણ રહેશે.

**ઘ)** ૧) જૂનિયર કલાર્કની જગ્યા માટે મેરીટ યાદી ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી બન્નેમાં મેળવેલ સંયકત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

૨) નામ.સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ નં. પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક તા.૦૬/૧૧/૧૫ મુજબ વર્ગ-૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણુંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઈ રદ્દ થતાં ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે.

૩) ઉકત સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનુ મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઇ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના મેરીટ/ ગુણ એક સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મતારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે.

બ) ઉકત (અ) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં લેખિત પરીક્ષા (ભાગ-૧)માં મેળવેલ ગુણ ધ્યાને લઇ તે મુજબ અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે.

ક) ઉકત (બ) મુજબ લેખિત પરીક્ષા (ભાગ-૧ ) માં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦માં મેળવેલા કુલ ગુણ ધ્યાને લઇ તે મુજબ અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે.

**૯** અરજીપત્રકમાં ભરેલ વિગતોની કોઇ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી, યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ website: www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in મારફત online કોલલેટર (હોલ ટીકીટ) ડાઉનલોડ થઇ શકશે. ઉમેદવારે અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ મોબાઈલ નંબર ચાલુ જ રાખવો તેમજ કૃષિ યુનિવર્સિટીઓ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ વખતો વખત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

**૧૦** સદરહું સ્પર્ધાત્મક પરીક્ષાનું માધ્યમ ગુજરાતી(ભાગ-૧) રહેશે. વધુમાં અંગ્રેજી વિષયને લગતા પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે ના પ્રશ્નો ગુજરાતી તથા અંગ્રેજી બંન્ને ભાષામાં રહેશે.

**૧૧** ઉમેદવારે ઓનલાઇન અરજીમાં પરીક્ષા આપવા માટે ઝોન પસંદ કરવાનો વિકલ્પ આપવાનો રહેશે. યુનિવર્સિટી તરફથી શકય હશે ત્યાં સુધી ઉમેદવારને વિકલ્પ મુજબ પસંદ કરેલ ઝોન ખાતે પરીક્ષાનું સ્થળ આપવાનો પ્રયત્ન કરવામાં આવશે. આ વિકલ્પ ફકત પરીક્ષાના હેતુ માટે ધ્યાને લેવામાં આવશે. જો ઉમેદવારની પસંદગી થાય તો નિમણૂંક મેળવવા માટે સદર વિકલ્પ ધ્યાને લેવામાં આવશે નહી.

**૧૨** રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની જૂનિયર કલાર્ક સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે તા.૧૧/૦૯/૨૦૧૮ ના રાજય કૃષિ યુનિવર્સિટી, પરિષદ, ગાંધીનગર ખાતે ચારેય કૃષિ યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓની મળેલ બેઠકમાં નક્કી થયા મુજબ જાહેરાત પ્રસિધ્ધ કરવાની કામગીરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢે કરવાની થતી હોય, ચારેય કૃષિ યુનિવર્સિટીઓ વતી કુલસચિવશ્રી, જૂ.કૃ.યુ., જૂનાગઢ દ્વારા આ સુધારેલ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**૧૩ અગત્યની તારીખો :**

| ક્રમ | વિગત * | તારીખ | |
|---|---|---|---|
| | | કયાંથી | કયાં સુધી |
| ૧ | વેબસાઇટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાની, ઓનલાઇન ફી ભરવા અંગે તથા ઓનલાઇન એપ્લીકેશન ફોર્મ ભરવાની કાર્યવાહીની તારીખ | ૦૩/૦૬/૨૦૧૯ | ૦૨/૦૭/૨૦૧૯ (૨૩-૫૯ કલાક સુધી) |

* ઓનલાઇન એપ્લીકેશન તેમજ ઓનલાઇન ફી ભરવાની વિગત રાજય કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઇટ પર જોવા મળશે.

| | | | | |
|---|---|---|---|---|
| | **કુલસચિવ** | **કુલસચિવ** | **કુલસચિવ** | **કુલસચિવ** |
| **તા. ૦૧/૦૬/૨૦૧૯** | **આ.કૃ.યુ., આણંદ** | **જૂ.કૃ.યુ., જૂનાગઢ** | **ન.કૃ.યુ., નવસારી** | **સ.દાં.કૃ.યુ.,સરદાર કૃષિનગર** |

## APPENDIX-F

**Part I : Syllabus for written test** **2 Hours**

| | | |
|---|---|---|
| 1 | History and Culture of Gujarat. | 25 Marks |
| 2 | Gujarati Grammar. | 25 Marks |
| 3 | English Grammar. | 25 Marks |
| 4 | Current Affairs of India and Gujarat, General Science, Aptitude Quantitative | 50 Marks |
| 5 | Computer Theory in reference to the basic knowledge of computer applications as prescribed in Appendix – G. | 25 Marks |
| 6 | Public Administration and Constitution of India. | 50 Marks |
| | **Total** | **200 Marks** |

**Note:**

1) The examination shall be in O.M.R. (Optical Mark Reader) system. Every question shall be of 1 mark. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**Part II : Syllabus for Computer Proficiency Test** **1 Hour and 30 Minutes**

| | | |
|---|---|---|
| 1. | Gujarati Typing Test | 20 Marks |
| 2. | English Typing Test | 20 Marks |
| 3. | Computer practical test in reference to the basic knowledge of computer applications as prescribed in Appendix - H | 60 Marks |
| | **Total** | **100 Marks** |

**Note:-** The speed of typing shall not be less than 5000 key depressions with accuracy per hour.

કુલ સચિવ

# APPENDIX –G

(See Appendix-F)

**(1) Operating System and office Productivity Tools**

(i) Microsoft Windows
(ii) MS Word including Advanced Features
(iii) MS Outlook
(iv) File and Folder Management
(v) Internet Familiarity, Usages and E-mail
(vi) Understanding Wide Area Network, Wireless LAN and connecting LAN to WAN.
(vii) Information on Internet explorer usages and various options / settings available
(viii) Overview & usages of PDF
(ix) Microsoft Office

**(2) Microsoft Office Indic (Gujarati)**

(i) Introduction about MS Office Indic
(ii) Introduction about Desktop, Mouse, Keyboard, etc.
(iii) How to start Word? Methods of starting Word
(iv) How to change Language English to Gujarati
(v) Introduction about the Gujarati Keyboards
(vi) Introduction about the Gujarati IME. Difference between Remington and Transliteration K/B
(vii) How to operate the K/B. What is Transliteration K/B.
(viii) How to type different Characters and Words from transliteration K/B.
(ix) How to use IME help? How to use spelling grammars check in Gujarati?
(x) What is smart Tag? What is thesaurus?
(xi) How to change the menu from English to Gujarati
(xii) Convert the ASCII font to Unicode from TBIL converter.

**(3) Troubleshooting, Installation and Best practices**

(i) Understanding Storage devices
(ii) How to use a DVD / CD / ROM and floppy
(iii) Burning DVD /CD
(iv) Taking data on and from a flash drive, pen drive
(v) Using data and resources from a Local Area Network
(vi) Using FTP for uploading and downloading of Data from the Internet
(vii) Information on Scanner and Scanner Software usage / configuration

**(4) Installations :**

(i) Installing basic software's like MS Office, etc.
(ii) CD Burning Software (Nero etc.)
(iii) Installing or adding printers
(iv) Installing or adding Fonts
(v) Installing sound drivers
(vi) Installing drivers for any new hardware
(vii) Installing new software and removing them using the control panel

**(5) Best Practices.**

(i) General Security concepts (Covering orientation on the criticality of the password protection, guidelines on forming new passwords, guidelines on protection, of the assigned accounts)

(ii) Disk Cleanup

(iii) Regular updating of anti-virus software

(iv) Scandisk

(v) Backups in detail including the following:

  (a) Backup through Application

  (b) Backup through Utilities and Tools

  (c) Record Retention

**(6) Troubleshooting:**

(i) Troubleshooting Tools

(ii) Troubleshooting Viruses

(iii) Troubleshooting Fundamentals

(iv) Problems that keep a computer from starting

(v) Troubleshooting OS, Network

(vi) Problems after a Computer Boots

# APPENDIX –H

(See Appendix-F)

## Practical Test

| | | |
|---|---|---|
| (i) | Preparing a tender notice in word file | 30 Marks |
| (ii) | Preparing a slide for presentation based on data provided | 10 Marks |
| (iii) | Preparing an excel spreadsheet and answering an arithmetic problem | 10 Marks |
| (iv) | Error check and spelling correction in given ward document and other functions.<br>- Comment remove<br>- Spelling check<br>- Bold - Remove (Rewriting of paragraph), etc., | 10 Marks |

કુલ સચિવ
કૃ. યુ. જૂનાગઢ

સા.વ.વિ.નાં તા.૨-૧૨-૨૦૦૮ નાં પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૭.ગ.૨ સાથેનું બિડાણ
પરિશિષ્ટ 'ક'

NAME & ADDRESS OF THE INSTITUTE / HOSPITAL

Certificate No.____________________ Date :__________

## DISABILITY CERTIFICATE

This is to certify that Shri / Smt. / Kum. ______________________ Son/wife/daughter of Shri ____________________ Age : ________ Sex ________ identification mark (s) is suffering from permanent disability of following category :-

A. Locomotor or cerebral palsy :

- (i) BL - Both legs affected but not arms
- (ii) BA - Both arms affected
  - (a) Impaired reach
  - (b) Weakness of grip
- (iii) BLA - Both legs and both arms affected
- (iv) OL - One leg affected (right or left)
  - (a) Impaired reach
  - (b) Weakness of grip
  - (c) Ataxic
- (v) OA - One arm affected
  - (a) Impaired reach
  - (b) Weakness of grip
  - (c) Ataxic
- (vi) BH - Stiff back and hips (cannot sit or stoop)
- (vii) MW - Muscular weakness and limited physical endurance.

Affix here recently attested photograph showing the disability duly attested by the Suprintendent/Civil Surgeon, Govt.Hospital

B. Blindness or Low Vision
- (i) B - Blind
- (ii) PB - Partially Blind

C. Hearing Impairment.
- (i) D - Deaf
- (ii) PD - Partially Deaf

(DELETE THE CATEGORY WHICHEVER IS NOT APPLICABLE)

2. This condition is progressive / non-progressive / likely to improve / not likely to improve. Reassessment of this case is not recommended / is recommended after a period of ______ years ____ months. (Strik out which is not applicable).

3. Percentage of disability in his/her case is _____________ Percent.

4. Shri / Smt. / Kum. _____________ meets the following physical requirements for discharge of his / her duties :-

| | | |
|---|---|---|
| (i) | F-can perform work by manipulating with fingures | Yes/No |
| (ii) | PP-can perform work by pulling and pushing | Yes/No |
| (iii) | L-can perform work by lifting | Yes/No |
| (iv) | KC-can perform work by kneeling and cratching | Yes/No |
| (v) | B-can perform work by bending | Yes/No |
| (vi) | S-can perform work by sitting (on bench or chair) | Yes/No |
| (vii) | ST-can perform work by standing | Yes/No |
| (viii) | W-can perform work by walking | Yes/No |
| (ix) | SE-can perform work by seeing | Yes/No |
| (x) | H-can perform work by hearing/speaking | Yes/No |
| (xi) | RW-can perform work by reading and writing | Yes/No |

Suprintendent / Civil Surgeon
Govt.Hospital (With Seal)

કુલ સચિવ
જુ. કૃ. યુ. જુનાગઢ



## જોડાણ—ખ

ખેલકૂદ સ્પર્ધામાં ભાગ લેવા અંગે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારીઓની યાદી :—

| ક્રમ | સ્પર્ધા | પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી | પ્રમાણપત્ર આપવાનું ફોર્મ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | આંતરરાષ્ટ્રીય સ્પર્ધા | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી. | ૧ |
| ૨. | રાષ્ટ્રીય સ્પર્ધા | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી અથવા રાજ્ય એસોસિએશનના સેક્રેટરી. | ૨ |
| ૩. | આંતર યુનિવર્સિટી ટુર્નામેન્ટ. | સંબંધિત યુનિવર્સિટીઓની ખેલકૂદનો સમગ્ર હવાલો ખેલકૂદના ડીન અથવા બીજા કોઈ અધિકારી. | ૩ |
| ૪. | શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકૂદ/રમતો. | રાજ્યની જાહેર સંસ્થા/શિક્ષણ નિયામકની કચેરીમાંના શાળાઓ માટેની ખેલકૂદ/રમતોનો સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત અથવા નાયબ નિયામક. | ૪ |

નોંધ.—ઉપર ઉલ્લેખેલ ફોર્મ ૧, ૨, ૩ અને ૪ના નમૂના જોડાણ 'ગ' માં આપ્યાં છે.

કુલ સચિવ
કૃ. યુ. જુનાગઢ.



જોડાણ—ગ

જોડાણ—ખમાં ઉલ્લેખેલ નમુનાના ફોર્મ

ફોર્મ—૧.

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે.)

રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશન

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.................................................તે શ્રી.................................................ના/પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ................................................. ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ.................................................થી................................................. સુધી.................................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં................................................. રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન.................................................છે. .................................................ના રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોશિયેશન કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી .................................................

સ્થળ.................................................

નામ .................................................

તારીખ.................................................

હોદ્દો .................................................

સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશનનું નામ.................................................

સરનામું .................................................

સિક્કો .................................................

નોંધ.—રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

કુલ સચિવ
॥ કૃષિમૂલમ્ જગત્ સર્વમ્ ॥
જુ. કૃ. યુ. જુનાગઢ.



# ફોર્મ—૨

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે)

............................................રાજ્ય
............................................ની રમતનું
એસોસિયેશન રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/ સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી............................................તે શ્રી............................................
ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ............................................ખાતે રહે છે.
(પૂરેપૂરું સરનામું) એમણે તારીખ............................................થી તારીખ............................................સુધી
............................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં............................................
રમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન............................................છે.
............................................ના રાજ્ય સંઘની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ............................................ સહી............................................

તારીખ............................................ નામ............................................

રાજ્ય એસોસિયેશનનું નામ............................................

સરનામું............................................

સિક્કો............................................

નોંધ:—રાજ્ય એસોસિયેશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

15

કુલ સચિવ
જૂ. કૃ. યુ. જૂનાગઢ.



ફોર્મ—૩

(કોઈ પણ માન્ય રમત/ખિલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે)

.................................................યુનિવર્સિટી.

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩ /વર્ગ-૪ની જગ્યાઓ /સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.................................................તે શ્રી.................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ.................................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું).................................................ના વિદ્યાર્થી છે. એમણે તારીખ.................................................થી તારીખ.................................................સુધી .................................................ખાતે યોજાયેલ યુનિવર્સિટી સ્પર્ધા/ટુર્નામેન્ટમાં.................................................રમતમાં.................................................યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન.................................................છે.

.................................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદ ડીન અથવા અધિકારીની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ.................................................

તારીખ.................................................

સહી .................................................

હોદ્દો .................................................

યુનિવર્સિટીનું નામ .................................................

સરનામુ .................................................

સિક્કો .................................................

નોંધ:—.................................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ડીન/નિયામક અથવા બીજા અધિકારીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

----

કુલ સચિવ
કાર્યકુશલમ જાગૃત સ્તમ
જૂ. કૃ. યુ. જુનાગઢ.



## ફોર્મ—૪

(કોઈ પણ માન્ય રમતમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજ્ય શાળા ટુકડીનું પ્રતિનિધિત્વ કરવા માટે).

..........રાજ્યના/જાહેર શિક્ષણ નિયામકની કચેરી રાજ્ય સરકાર હેઠળને। વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/ સેવાઓ નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..........તે શ્રી.......... ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..........ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું)..........ના. વિદ્યાર્થી છે. એમણે તારીખ..........થી.. તારીખ.......... સુધી..........ખાતે યોજાયેલ શાળાઓ માટેની રાષ્ટ્રીય રમતોમાં.......... ..........રમતમાં..........રાજ્ય... શાળા/ટુકડીનું...પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન..........છે.

..........ની જાહેર શિક્ષણ નિયામકની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ..........

તારીખ..........

સહી ..........

નામ ..........

હોદ્દો ..........

સરનામું ..........

સિક્કો ..........

નોંધ:—રાજ્યના જાહેર શિક્ષણ નિયામકની કચેરીમાં શાળાઓ માટેની ખેલકૂદ અને રમતના સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુકત/નાયબ નિયામકે પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

કુલ સચિવ * જુ.કૃ.યુ. જુનાગઢ

ફોટો

सत्यमेव जयते

ગુજરાત રાજય

પરિશિષ્ટ.૪

પ્રમાણપત્ર ક્રમાંકઃ-..................

ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોનું નોન ક્રિમીલેયરનું પ્રમાણપત્ર.

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી .................................................. શ્રી.................................................................................ના પુત્ર/પુત્રી ગામ/નગર ........................... તાલુકો......................... જિલ્લો.........................ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર /૧૦૭૮/૧૩૭૩૪/હ, તેમજ ત્યારબાદના વખતોવખત બહાર પાડવામાં આવેલ અદ્યતન સુધારા ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ પૈકી .............................. જાતિના છે.

શ્રી ........................................................................ અને /અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના .................................................... જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તેઓ / તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ નંબરઃ સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ સાથેના પરિશિષ્ટ થી તેમજ વખતો વખત થયેલ સ્વીકૃત સુધારાથી નિયત કરવામાં આવેલ ઉન્નત્ત વર્ગો (Creamy layer)ની વ્યકતિ/જુથમાં સમાવેશ થતો નથી.

તારીખઃ-

(સીલ)

સક્ષમ અધિકારીની સહી/-

નામઃ-

હોદ્દોઃ-

રજુ કરેલ આધારોઃ-

૧.

૨.

૩.

કુલ સચિવ

(Appendix to Resolution of Social Justice and Empowerment Department Dt.25/1/2019
No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No : ..............

सत्यमेव जयते

Photo

## Government of Gujarat

### Eligibility Certificate For Economically Weaker Sections

**(Only for the purpose of EWS reservation under Gujarat state)**

This is to certify that Shri/ Smt/ Kumari ..........................................

is the Son /daughter/ward of ......... ...................... .................................

He/She is the Resident of Village / City ..................................................

Taluka/Tehsil.................................. District. .....................................

and he/she belongs to ............caste/class/Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes/ Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No. EWS/122019/45903/A, Dt.23.01.2019 his/her gross family annual income from all sources is Rs.........., which is less than Rs.8,00,000/- therefore it is further certified that he/she is within category of Economically Weaker Sections.

Place:- Signature :-

Date :- Name :-

Designation :-

**This Certificate has been issued on the basis of following proof / evidences/ documents.**

1.

2.

3.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:
ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંક: ...............

सत्यमेव जयते

ફોટો

# ગુજરાત સરકાર

## આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર

(ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે)

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/ શ્રીમતી/કુમારી .......................................શ્રી ............................................................... ના પુત્ર/પુત્રી/પાલ્ય છે. તેઓ ગામ/નગર ........................ તાલુકો ......................... જિલ્લો.........................ના રહેવાસી છે. તેઓ ................ જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગોમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા..૨૩/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેમના/તેણીના કુટૂબના બધા સ્ત્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂ. --------------- છે, જે રૂ. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો/તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

સ્થળ :-

સહી/-

નામ :-

તારીખ:-

હોદ્દો:-

(કચેરીનું રાઉન્ડ સીલ)

(કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો:-

૧.

૨.

૩.